ગુજરાત માહિતી બ્યુરો
ગુજરાત સરકાર, અમદાવાદ

૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૫ | સમાચાર સંખ્યા નં. ૧૪૦

આ પ્રેસનોટ www.gujaratinformation.net વેબસાઇટ ઉપર પણ ઉપલબ્ધ છે

# સ્વાસ્થ્ય સંશોધનો લોકભોગ્ય ભાષામાં લોકહિત માટે અમલમાં મૂકાવવા જોઇએ - રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલી

.............

## નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થના ઉપક્રમે બે દિવસનો રાષ્ટ્રીય વૈજ્ઞાનિક હિંદી પરિસંવાદનો પ્રારંભ

.............

અમદાવાદ:શુક્રવાર: શ્રમિકો દેશ અને સમાજના અભિન્ન અંગ છે. રાષ્ટ્રની પ્રગતિના પાયમાં શ્રમિકોનું યોગદાન અવિસ્મરણીય હોય છે. કામદારો અને શ્રમિકોની વર્તમાન પરિપેક્ષમાં પર્યાવરણ અને વ્યવસાયિક સ્વાસ્થ્ય અંગે સતર્કતા દાખવવી જવાબદારીનું કામ છે એમ રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલીએ જણાવ્યું હતું.

સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળ કાર્યરત નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થના ઉપક્રમે 'વર્તમાન પરિપેક્ષમાં પર્યાવરણ અને વ્યવસાયિક સ્વાસ્થ્ય' અંગેના બે દિવસના રાષ્ટ્રીય વ્યવસાયિક સ્વસ્થતા અને પર્યાવરણ સંદર્ભે થનારા સંશોધનો લોકભોગ્ય ભાષામાં લોકહિત માટે અમલમાં મૂકાવવા જોઇએ.

સમસ્યાઓ અને રોગોનું નિરાકરણ અને ઉપચાર બંને શોધી તેને અમલમાં મૂકવાનો પ્રયાસ કરવો જરૂરી છે.

વિવિધ વ્યવસાયનો તકલીફો અને તણાવ દૂર કરવાના ઉપાયો શોધનાર નરસિંહ મહેતાના પીડ પરાઇ જાણનારા છે.

તેમણે શ્રમિકોની ચિંતા વ્યક્ત કરી સામાજિક જાગૃતિ દ્વારા સ્વસ્થ શ્રમિક શક્તિનું નિર્માણ કરવા આહવાન કર્યું હતું. શ્રમિકોની ચિંતા અને ચિંતન કરવું રાષ્ટ્રીય નિર્માણની જ એક મહત્વપૂર્ણ બાબત છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

પાના નં....૨...

વિવિધ વ્યવસાયોમાં જોડાએલા શ્રમિકો અને કામદારોના વ્યવસાયિક આરોગ્યને સ્વસ્થ અને સ્વચ્છ કરવા તેમજ જરૂરી શોધ સંશોધનથી કામદારોની ઉન્નતિમાં મહત્વપૂર્ણ કાર્ય કરનાર નેશનલ ઇન્સ્ટિટ્યુટ ચિકિત્સકોને આવકારતા સંસ્થાનના પ્રભારી નિર્દેશક શ્રી ડૉ. સુનીલ કુમારે સ્વાગત કરતા જણાવ્યું હતું. વકતવ્યો રજૂ કર્યા હતા તેમજ વૈજ્ઞાનીક શ્રી ડૉ. એસ.એસ. એજૈદીએ આભારવિધિ કરી હતી.

તેમજ સંસ્થાના કર્મીઓ વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા.

હેમલત્તા પારેખ.... .............